ગાંધીનગર સમાચાર

તા. ૨૪-૯-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### સતત પ્રવૃત્તિશીલ રહેવાથી સ્મૃતિભ્રંશ (ડિમેન્શિયા) અને અલ્ઝાઈમર્સ જેવી બીમારીઓથી બચી શકાય

ગાંધીનગરના સુખ્યાત મનોચિકિત્સક અને કાનોરિયા હૉસ્પિટલ પૂર્વ અધીક્ષક ડૉ. રાજેન્દ્ર આનંદની નિશ્રામાં યોજાયેલ ડિમેન્શિયા અને અલ્ઝાઈમર્સ ડિસીઝ વિશેના પરિસંવાદથી નગરના સિનિયર સિટીઝન્સને ઉંમર વધવાની સાથે આવી પડતા સ્મૃતિભ્રંશ જેવા પડકારો વિશે ઘણી અગત્યની જાણકારી મળી છે. પાટનગરમાં ધીરે ધીરે તમામ શાખાઓના નિષ્ણાત તબીબો ઉપલબ્ધ થઈ રહ્યા છે, પરંતુ માનસિક રોગો વિશે હજી જોઈએ તેવી જાગૃતિ ફેલાઈ શકી નથી. હકીકતમાં માનસિક રોગની પીડા શારીરિક રોગો કરતાં લેશ પણ ઓછી આંકી શકાય એવી નથી હોતી. માનસિક રોગનો ભોગ બનેલી વ્યક્તિ પોતાના દર્દને સમજી જ નથી શકતી તે એનું મોટું ઉધાર પાસું છે. એ ન કહી શકાય, ન સહી શકાય કે ન રહી શકાય એવી અકથ્ય વેદના અનુભવે છે. એના વિશેના પરંપરાગત ખ્યાલો પણ ચિત્ર-વિચિત્ર પ્રકારના હોવાથી આ બીમારીને ઘરનાં માણસો કોઈ ભૂત-પ્રેત કે વળગાડ સમજી બેસે છે અને તંત્ર-મંત્ર તથા દોરાધાગાની પળોજણમાં પડી જઈ સમયસર તબીબી સારવાર કરાવી શકતાં નથી. આથી પેલો મનોવિકાર માટે અસહ્ય બની રહે છે. આવી ગેરસમજ દૂર કરી ઘર-પરિવાર માટે અસહ્ય બની રહે છે. આવી ગેરસમજ દૂર કરી મનોરોગને એક બીમારી ગણીને એની મનોચિકિત્સક પાસે વૈજ્ઞાનિક ઢબે સારવાર કરાવવાથી સાનુકૂળ પરિણામ મેળવી શકાય છે. ડૉ. આનંદ જેવા તજજ્ઞો પોતાની વ્યાવસાયિક વ્યસ્તતામાંથી સમય કાઢી જનસાધારણના હિતમાં જાહેર પરિસંવાદો અને શિબિરો યોજી એમની સામાજિક સંપ્રજ્ઞતાનો પરિચય કરાવતા હોય છે. આ ખરેખર એક અત્યંત આવકારદાયક ઉપક્રમ ગણાવો જોઈએ. એકવીસમી સદીમાં જ્યારે શારીરિક રોગો કરતાં પણ માનસિક રોગો કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે ત્યારે સમાજ અને સરકાર- બેઉએ સવેળા જાગવાની જરૂર છે. આજે વિશ્વમાં મૃત્યુનાં મુખ્ય કારણોમાં સૌથી મોખરે હૃદયરોગ અને કૅન્સરની લગોલગ ડિપ્રેશનનો નંબર આવી ગયો છે. ત્યારે આ મુદ્દે બેદરકારી રાખવી કોઈને પણ પોસાય એમ નથી. છેલ્લા કેટલાક દાયકાઓથી ભારતમાં પણ પશ્ચિમી જીવનશૈલીએ ભરડો લીધો હોઈ માનસિક રોગોનો ઉછાળો આવી ગયો છે. 'ડિમેન્શિયા' કે અલ્ઝાઈમર્સ ડિસીઝ તરીકે ઓળખાતી સ્મૃતિલોપની બીમારીમાં માણસની યાદદાસ્તની ખામી સરજાતી હોય છે. આ બીમારી સામાન્ય રીતે સાઠ વર્ષ પછી દેખા દે છે અને એમાં દૂરના ભૂતકાળની સ્મૃતિ અકબંધ રહે છે, પણ નજીકની ઘટનાઓ ભૂલી જવાય છે. આથી ક્યારેક તો દર્દીએ કલાક અગાઉ જ ખાધું હોય ત્યાં એ ફરી ખાવા માગે છે. દર્દ ક્યારેક એટલું બધું આગળ વધી જતું હોય છે કે એને પોતાનું નામ પણ ભુલાઈ જાય છે. એ ફરવા નીકળે તો ભટકી જાય છે, પોતાનું ઘર શોધતાં પણ એને મુશ્કેલી પડે છે. આવું બનવાનું કારણ છે મગજના કોષોને વધતી વય સાથે પહોંચતો ઘસારો. આધુનિક સારવારથી આવો ઘસારો આગળ વધતો અટકાવી શકાય છે. વિટામીન બી-૧ અને બી-૧૨ જેવાં દ્રવ્યોની ઊણપથી ઘસારો વધે છે. માણસ મોટી ઉંમરે પણ પ્રવૃત્તિશીલ રહે, નવું નવું શીખવાનું ચાલુ રાખે, જીવનમાં તમામ સ્તરે સક્રિય રહે, મનગમતી પ્રવૃત્તિ કરતો રહે ખાસ તો પરિવારનાં નાનાં ભૂલકાં સાથે રમવાનું રાખે તો સ્મૃતિલોપ જેવી બીમારીથી મહદંશે બચી શકાય. સામાન્ય રીતે પંચોતેર વર્ષ પછીની વયે દર પાંચ પૈકી એક વ્યક્તિ આ વ્યાધિનો શિકાર બને છે. આ બાબતની ગંભીરતા સમજી એના વૈજ્ઞાનિક ઈલાજ અને પ્રબંધનથી ઘણી રાહત મળી શકે. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ રોનાલ્ડ રેગન, આપણા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને 'ઍનડીએ'ના ટ્રબલશૂટર તરીકેની ખ્યાતિ મેળવનારી પૂર્વ સંરક્ષણ મંત્રી જ્યૉર્જ ફર્નાન્ડિસ તથા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ જેવા પ્રતિષ્ઠિત મહાનુભાવો અને દિલીપ કુમાર જેવા સિનેકલાકાર આ બીમારીનો ભોગ બનેલા છે. આપણા ઘરમાં કે પાડોશમાં જ આવા કોઈ વડીલ હોઈ શકે. એમને વાર્ધક્યનો ઉંબરો ઓળંગતાં સ્મૃતિલોપ જેવી બીમારીથી કેવી પીડા થતી હશે તે તો એમને પૂછ્યે જ ખબર પડે. જો કે પોતાનું દર્દ બયાન કરવા જેટલી પણ ક્ષમતા આવા દર્દીઓમાં રહેતી નથી તે એ મોટી કરુણતા છે.

# આજે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન દ્વારા નવચિંતન શિબિર

ગાંધીનગર, તા. ૨૩

'પ્રશિક્ષણાર્થી થી પ્રાચાર્ય' એમ દરેક શ્રેણીને આવરી લેતો ગુજરાતમાં પ્રથમવાર રાષ્ટ્રિય મહત્તા પ્રાપ્ત એવા શિક્ષણ પ્રશિક્ષણ : નવચિંતન શિબિરનો કાર્યક્રમ આવતીકાલે મંગળવાર તા. ૨૪મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આયોજીત કરવામાં આવ્યો છે. જેમાં રાજ્યના પ્રત્યેક જિલ્લામાંથી ૫૦૦૦ કરતા વધારે શિબિરાર્થીઓ ભાગ લેશે. પ્રાથમિકથી લઈ ઉચ્ચત્તર માધ્યમિક તેમજ બી.એડ્. અને એમ. એડ્.ના શિક્ષકો, પ્રાધ્યાપકો તેમજ ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે સતત પ્રવૃત્ત રહેવા શિક્ષણવિદો તથા કોલેજ અને શાળા સંચાલકો પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું કેન્દ્રવર્તી સંબોધન રાખવામાં આવ્યું છે અને જાણીતા ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના આશીર્વચન પ્રાપ્ત થવાના છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના વાઈસ ચેરમેન પ્રો. એચ.ડી. દેવરાજ યુ.જી.સી.ના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત પ્રો. આઈ.વી. ત્રિવેદી (કુલપતિ, મોહનલાલ સુખડિયા યુનિવર્સિટી, ઉદયપુર), દક્ષિણ ભારતના અગ્રણી શિક્ષણવિદ્ અને વર્તમાનમાં કાંચી યુનિવર્સિટીના ચાન્સેલર પ્રો. જયરામ રેડ્ડી, પ્રો. શ્રીધર (બેંગ્લોર), પ્રો. એસ.વી. ખરે (પૂણે) સહિતના મહાનુભાવો અને ગુજરાતના દસથી વધુ કુલપતિશ્રીઓ પણ ઉપસ્થિત રહેશે.

આઈ.આઈ.ટી.ઈ. ખાતે અભ્યાસ કરી રહેલા પશ્ચિમ બંગાળ, બિહાર, રાજસ્થાન, દિલ્હી, મહારાષ્ટ્રની વિદ્યાર્થિની બહેનો મુખ્યમંત્રીશ્રી તેમજ મહાનુભાવોનું સ્વાગત કરશે.

પ્રથમ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાએ આ વિગત આપતા જણાવ્યું હતું કે, ગુજરાતના આંગણે આ પ્રકારનો ચિંતન સ્વરૂપનો અને ભવિષ્યના દિશા દર્શનની દૃષ્ટિથી રાષ્ટ્રિય મહત્તા ધરાવતો કાર્યક્રમ પ્રથમવાર આયોજીત કરવામાં આવી રહ્યો છે. જસ્ટીસ વર્મા કમિટિની ભલામણોના સંદર્ભમાં પણ શિક્ષક પ્રશિક્ષણના વિષયમાં જે આમુલ પરિવર્તન લાવવા ગુજરાતે ક્યારનીય તૈયારી શરૂ કરી દીધી છે અને તે ઉપલક્ષમાં આ કાર્યક્રમ પણ મહત્વનો બની રહેશે.

યુનિવર્સિટીના પ્રથમ કુલસચિવ અને એડીશનલ કલેક્ટર શ્રી બિપિનભાઈ ભટ્ટની આગેવાની હેઠળ યુનિવર્સિટીનો અધિકારીગણે તૈયારીઓને આખરી ઓપ આપ્યો હતો. અમદાવાદ, ગાંધીનગર ઉપરાંત દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના પ્રત્યેક જિલ્લાઓમાંથી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

## કલોલ કોમર્સ કોલેજના ક્રિકેટમાં વિજય

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કોલેજ ટુર્નામેન્ટ અંતર્ગત સરકારી વિનયન કોલેજ ગાંધીનગર ખાતે આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ કલોલ વિરૂદ્ધ શાહ સી. કે. મ્યુનિ. કોમર્સ કોલેજની ક્રિકેટ મેચ યોજાયેલ હતી. જેમાં કોમર્સ કોલેજ કલોલને ૬૦ રને જ્વલંત વિજય થયેલ કેપ્ટન રામચંદાણી સંજય, વછેટા કૌશલ, પટેલ સુનિલ દ્વારા બેટીંગમાં સિંહફાળો આપેલ છે. પ્રિ. ડૉ. શંકરસિંહ રાણાએ ફીઝીકલ ડાયરેક્ટર ડૉ. બિમલકુમાર જોશી તથા સમગ્ર ટીમના ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

## બોરીજ પ્રાથમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૩

બોરીજની સરકારી પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓ કુ. મમતાબેન ઠાકોર અને કુ. નીશાબેન રાઠોડે ગણિત વિજ્ઞાન પ્રદર્શન વિભાગ-૪માં વાતાવરણ ફેરફાર-ઓઝાન સ્તરમાં ગાબડા - CFC કૃતિમાં તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાને આવી શાળા તથા ગામનું ગૌરવ વધારેલ છે. ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ દ્વારા આયોજિત 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણીમાં બોરીજ શાળાના ધોરણ ૬ થી ૮ના ૨૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પોસ્ટર પ્રદર્શન, સ્લોગન સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને ઓપન ક્વીઝ સ્પર્ધા જેવા વિભાગો હતા. ધોરણ ૮માં અભ્યાસ કરતા ભરત વણઝારાએ ઓપન ક્વીઝમાં તૃતીય સ્થાન મેળવી રૂ. ૬૦૦ નો રોકડ પુરસ્કાર મેળવ્યો હતો. ભરત વણઝારા તથા તેના માર્ગદર્શક ભારતીબેન મોડિયાને આચાર્ય કાશ્મિરાબેન વ્યાસ તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



## સાગર અકાદમી હિંમતનગરના 'મારી દિકરી લાડકવાયી'ને સાત ઍવોર્ડ

સાબરકાંઠા જેવા નાટયક્ષેત્રે અલ્પ વિકસીત જિલ્લામાં નિર્માણ થયો, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીની રાજય બહાર કલાવૃંદોની મોકલવાની યોજના હેઠળ ઊંઝા ખાતે મારી દીકરી લાડકવાયી નાટકે ૫૦ શૉ સફળતા પૂર્વક પૂરા કર્યા છે. ભ્રૂણહત્યા, કન્યા કેળવણીનો સંદેશ ઉજાગર કરતી નાટકને નાટક સ્પર્ધામાં સાત ઍવોર્ડ મળેલ છે. સાડા ત્રણ લાખ જેટલાં પ્રેક્ષકોએ આ નાટક માણ્યું છે. ગૌરવ પુરસ્કાર સન્માનનીય ભરતભાઈ વ્યાસ દ્વારા લેખન દિગ્દર્શન કરવામાં આવ્યું છે.



વરસાદનું પાણી ભરાઈ ગયું... નીકળી નથી શકતા... તમે તો મને કહી દીધું...પણ સાહેબ હું કોને કહું બોલો.

## 'ટેટ'ની પરીક્ષા : શિક્ષકોની ભરતી પ્રક્રિયા

**કેમ્પસ**

**- ધ્વનિલ પારેખ**

યુજીસીએ કોલેજમાં અધ્યાપકન કરાવતા અધ્યાપકોની ગુણવત્તા સુધરે તે હેતુથી નેટની પરીક્ષા પાસ કરવી અધ્યાપકો માટે ફરજીયાત કરી હતી. હવે, કૉલેજમાં અધ્યાપક બનવા માટે નેટની પરીક્ષા પાસ કરેલી હોવી જરૂરી છે. આનાથી શિક્ષણની ગુણવત્તામાં અને શિક્ષકોની ગુણવત્તામાં કેટલો ફેર પડયો એ તપાસનો વિષય છે. આવું જ કંઈક હવે શાળામાં શિક્ષકોની ભરતી સંદર્ભે છેલ્લા થોડા વખતથી જોવા મળે છે. શાળામાં શિક્ષક બનવા માટે હવે ટેટની પરીક્ષા પાસ કરેલી હોવી જરૂરી છે. કૉલેજમાં અધ્યાપક બનવા માટે 'નેટ' અને શાળામાં શિક્ષક બનવા માટે 'ટેટ.' (આ 'નેટ' અને 'ટેટ' શિક્ષણની ગુણવત્તા સુધારી દેશે, વાહ!)

શાળામાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટે આ જ નવો અભિયાન અપનાવવામાં આવ્યો છે. એ એક રીતે આવકાર્ય છે. આવકાર્યા એટલા માટે કે શિક્ષકો નબવા માટે ઉમેદવાર થોડી વધારે સજ્જતા ધારણ કરશે અને એક શિક્ષક વધારે સજ્જતા ધારણ કરે એ આખરે તો શિક્ષણના ફાયદામાં જ રહેશે અને એ રીતે એ આવકાર્ય અભિગમ છે. જો એને યોગ્ય પરિપેક્ષ્યમાં લેવામાં અને જોવામાં આવે તો. આ 'તો' બહુ ભારી હોય છે અને એને પાર કરવામાં આખો અભિગમ ધડમૂળથી બદલાઈ જતો હોય છે.

આ આખી ચર્ચા કરવા પાછળનું કારણ એ છે કે હમણાં 'ટેટ'નું પરિણામ જાહેર થયું છે. એ પરિણામની ચર્ચા કરીએ એ પહેલાં જ આનંદની વાત છે એની થોડી વાત કરવી છે. ઘણા લાંબા સમય પછી શાળામાં શિક્ષકોની મોટી સંખ્યામાં ભરતી થશે. સ્નાતક અને બી.એડનો અભ્યાસ કર્યા પછી શાળામાં શિક્ષક બનવા થનગનતા ઘણા યુવા બેરોજગારીની હવે શાળામાં આ પરિણામ પછી ભરતી થશે અને લાંબા સમય પછી આ પ્રક્રિયા હાથ ધરાશે એને કારણે પણ એક ઉત્સાહ રહેશે. ગણિત અને વિજ્ઞાન વિષયમાં આશરે ૬ હજાર, સામાજિક વિજ્ઞાનમાં ૩ હજાર અને ભાષામાં ૨ હજાર શિક્ષકોની ભરતી થશે. એક સાથે ગુજરાતની શાળાઓમાં અગિયાર હજાર શિક્ષકોની ભરતી થશે એ આનંદનો વિષય ખરો કે નહીં!

આ પરીક્ષામાં જે વિગતો મળી છે એ પ્રમાણે ૧,૭૪, ૬૯૫ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. અને એમાંથી ૪૪,૫૦૪ ઉમેદવારો ઉત્તીર્ણ થયા હતા. જે ઉમેદવારો ઉત્તીર્ણ થયા હતા. એમાં ગણિત-વિજ્ઞાનના ૬૨-૬૪ ટકા ઉમેદવારો, સામાજિક વિજ્ઞાનના ૨૮.૭૫ ટકા અને ભાષાના ૧૯.૨૫ ટકા ઉમેદવારો ઉત્તીર્ણ થયા હતા. જોઈ શકાય છે, કે ભાષાના ઉમેદવારોનું પરિણામ ઓછું છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત વગેરે ભાષાના ઉમેદવારોની ઉમેદવારો ઓછા છે, એ મુદ્દો બીજી રીતે પણ ચિંતાજનક છે.

કૉલેજની સ્થિતિની વાત કરીએ તો ભાષામાં ધીમે ધીમે વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થતી જાય છે. હવે જો કૉલેજમાં ભાષામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થતી જશે તો એની અસર આખરે તો ભવિષ્ય ઉપર જ થવાની છે. કારણ કે, ભવિષ્યમાં ભાષાના શિક્ષકો બનનારા ઉમેદવારોની સંખ્યા ઘટતી જવાની છે, એની સામે શાળામાં શિક્ષકોની જગ્યા ખાલી રહેશે. શાળામાં ભાષામાં શિક્ષકોની ખૂટતી સંખ્યામાં ભરતી ન થાય તો આખરે નુકસાન વિદ્યાર્થીઓને જશે અને બિચારી ભાષા વધારે વિચારી બની જશે. હમણાં શાળામાં શિક્ષકોની જે ભરતી થવાની છે. એ સંખ્યા ઉપરથી એવું લાગે છે કે, શાળામાં ભાષાના શિષકોની જે જરૂરિયાત છે. એની સામે ઉત્તીર્ણ થનારા ઉમેદવારોની સંખ્યા ઓછી છે. મુદ્દો એ છે કે ભાષઆની એક બાજુ અવગણના કરવામાં આવે છે અને એવી ફરિયાદ પણ કરવામાં આવે છે કે, ભાષા સાથે સ્નાતક અને અનુસ્તાનક થયા પછી શું? આ પ્રશ્નનો જવાબ તો આ પરિણામ જ આપી શકે એમ છે કે એક બાજુ ભાષાના ઉમેદવારોની જે જરૂરિયાત છે એની સામે ઉત્તીર્ણ થનારની સંખ્યા ઓછી છે.

ભાષા સાથે અત્યારે અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓએ પણ આ મુદ્દો સમજવા જેવો છે કે એ જે વિષય સાથે અભ્યાસ કરી રહ્યા છે એ બિલકુલ નિરર્થક નથી જરૂર છે માત્ર એ વિષય સાથે આત્મસાત થવાની અને મહેનત કરવાની! અત્યારે તો આપણી આશા રાખીએ કે 'ટેટ'નું જે પરિણામ જાહેર થયું છે અને જે પ્રમાણે ભરતી થવાની જાહેરાત થાય એ પ્રક્રિયા જલદી પૂર્ણ થાય અને ગુજરાતના ઘણા બેરોજગાર યુવકોને શિક્ષક તરીકેનો દરજ્જો મળે!

**કૉલેજમાં અધ્યાપક બનવા માટે 'નેટ' અને શાળામાં શિક્ષક બનવા માટે 'ટેટ.'**

# શિવરંજનીનો સ્વરોત્સવ... શબ્દ, સુર, સંગીતના સથવારે સજ્યા શમણાંના સ્વરકારો..!!

**ઉઘડતે પડદે**

**સંજય થોરાત**

'ઉઘડતાં અવાજનું આકાશ'માં ગાંધીનગર વૃંદ સાથે નવા કંઠ અને નવાં ચહેરાઓની યુવાન કલાકારોની મોડીરાત સુધી ચાલેલી લોકપ્રિય ગુજરાતી ગીતોના ગુલદસ્તાની મહેફીલે ગુજરાતી ગીત- સંગીતનાં વારસાનાં વિચારમાં અરધાં થતાં ચિંતકોની ચિંતા હળવીફૂલ કરી દીધી.

ગાંધીનગર ટાઉન હૉલમાં શનિવાર રાત્રે પરદો ખૂલ્યો અને ગણનાયકનાં મંત્રોચ્ચાર સાથે શણગારેલો મંચ અને નવપલ્લવિત થયેલી શિવરંજનીનાં દસમાં વર્ષની ઉજવણીનો માહોલ સંગીતપ્રેમી જનતાને વિશેષ આનંદ અપાવનારો અને રોમાંચિત કરનારો હતો. પં. ઓમકારનાથ ઠાકુરનાં જન્મ જયંતિના દિવસે એટલે કે ૨૪ જૂને ૧૯૭૨નાં રોજ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનાં આંગણે શિવરંજની સંગીતમય યાત્રા શરૂ થઈ... હસતી- રમતી- ગાતી- ગણગણાવતી- ગુજરાતી ગીતો અને શુદ્ધ ભારતીય- શાસ્ત્રીય સંગીતને પ્રાધાન્ય આપી સંગીતની સંસ્કૃતિની જાળવણીની જવાબદારી ઉપાડતી સંસ્થાને ૨૫ વર્ષ પૂર્ણ કરતાં તો ત્રણ-ત્રણ એટેક આવી ગયાં. ૧૯૯૯માં ચોથો એટેક આવતાં આ સંસ્થા કોમામાં ચાલી ગઈ.

સંગીત સુરોમાં તાકાત છે અને જે દેશમાં રાગ દિપક ગાવાથી દિપ પ્રગટે અને રાગ મલ્હાર લલકારવાથી વરસાદ વરસે એવામાં એકાદી સંગીતની સંસ્થા એમ ઝાઝો સમય બાણશૈયા પર સુઈ જ ના શકે, ૨૦૦૪માં ફરી એનામાં ચેતના જાગૃત થઈ અને શિવરંજનીના બેનર હેઠળ કાર્યક્રમો થવાં શરૂ થયાં. ગુજરાત ભારતનાં જાણીતા ગાયકો ગાંધીનગરનાં આંગણે સંગીતનાં સુરો રેલાવવાં આવવાં લાગ્યા.. વિશ્વવિખ્યાત બાંસુરી વાદક હરિપ્રસાદ ચોરસિયાએ દિલથી રાગ-રાગીણીઓની ફૂંકી મારી અને અની જાદુઈ અસર એવી કરી ગઈ કે શિવરંજની નવપલ્લવિત દશાબ્દી વર્ષનાં અવસરને ઉજવવાં સુધી પહોંચી ગઈ.

'સ્વર'ને વરેલા શહેરનાં જાણીતા સંગતજ્ઞ પિનાકીન વ્યાસના વૃંદનો 'વક્રતુંડ મહાકાય'ના શ્લોક સાથે ૨૩ જણનો એક જ સુરમાં રેલાતો અવાજ અને ભક્તિભાવ સાથે પરદો ખૂલ્યો ત્યારે ખરેખર પિનાકીન વ્યાસ માટે આદર થાય કે ગાંધીનગરનાં લોકલ લોકોને એમણે કેટલાં સુરીલાં બનાવ્યા છે. સરસ્વતી દેવીનાં ચરણોમાં બેસેલાં કલાવૃંદ અને નવપલ્લવિત થઈ નીખરી ઉઠેલાં સેટ પર 'વક્રતુંડ નાયકમ'નું કલાસીક કૉરસગાન અને સાથે જ 'એક દંતાય, વક્રતુંડાય, ગૌરી તનયયાય ધી મહી..' યા કુન્દે... ગણેશની જે ધામધૂમથી ભક્તિ થઈ કે હમણાં જ વિસર્જિત થયેલાં દેવાધી દેવને પણ પાછા ફરવાની ઈચ્છા થઈ જાય. કલાના ક્ષેત્રનાં શૂન્યાવકાશને ભરવાનું ભગીરથ કાર્ય આ સંસ્થા કરે છે એવી વાત સાથે પ્રકાશ લાલાએ મહેમાનો અને સંગીતપ્રેમીઓને આવકાર્યા. વિભા



દેસાઈ (માડી તારું કંકુ ખર્યું ફેઈમ), સૌમિલ મુનશી અને સુગમ સંગીતનો શ્રેષ્ઠ અવાજ નયન પંચોલીનાં હસ્તે દિપ પ્રાગટ્ય મમતા રાવલની મદદ સાથે થયો... સંગીતને વરેલી સંસ્થાને આવેલા સૌ મહાનુભાવોએ શબ્દોથી પોંખ્યા. સંસ્થાના પ્રમુખ વાગ્મીન ખૂચે 'કોમા' માંથી બહાર કાઢેલી સંસ્થા આજે દસ વર્ષ પૂર્ણ કરી એના ઈતિહાસમાં પ્રથમવાર ત્રિદિવસીય મહોત્સવ કરવાં જઈ રહી છે અને છતાંય એમાં નવાં કંઠ- ચહેરાને નોતરે છે, કારણ સંગીતપ્રેમી જનતાં સંગીતની અસ્મિતા જાળવવાં સહભાગી થઈ રહી છે...



લાગણીના જળ વડે મર્દન કરું છે. શબ્દથી કાગળ પર ચંદન કરું છું. બે પત્રો લઈ તુલસીના મારી માતૃભાષાને વંદન કરું છું.ના મસ્ત મુક્તક સાથે 'સાત સુરોના તરણા લઈ અને તમને મળવાં આવ્યાં.' જેવા નયન પંચોલીના ગીત સાથે સુંદર શબ્દોનો ઉઘાડ થયો. હરિનામ રસમાં તરબોળ અવિનાશ વ્યાસની રચનાં ૮ વર્ષના બાળક હરિઓમ ગઢવીનાં કંઠે રેલાઈ 'ધૂણી રે ધખાવી બેલી અમે તારાં નામની, અલખનાં રે ધામની' વાયોલીન પ્લેયરે રાવણ હથ્થાની ઝલક સાથે પ્રેક્ષકોની નૉનસ્ટૉપ તાળઈઓ અને અંતમાં લલકારેલો દોહો રંગ લાવી ગયો..

'કોકવાર આવતાંને જતાં મળો છો એમ મળતાં રહો તો ઘણું સારું' ના ખૂલે તો હૈયા વતો કરો તો ઘણું સારું... હરિન્દ્ર દવેની રચના અને દિલીપ ધોળકીયાનું સ્વરાંકન 'ના ના નહીં આવું મેળે નહીં આવું, મેળાનો મને થાક લાગે,' બંને રચના નવાં ગાયકો છતાં આંખ બંધ કરી સાંભળો તો કોઈ રિયાઝ કલાકારો હોય એવું જ લાગે... કાર્યક્રમમાં મોડા પડેલાં મહેમાન બિહારી હેમુ ગઢવીને સન્માનમાં 'રૂકાવટ કે લીયે ખેદ હૈ' સાથે બોલાવ્યા અને પબ્લિક ડિમાન્ડ પર જ્યારે એમણે એમનાં અવાજનો લહેકો લહેરાવ્યો ત્યારે પેલો ખેદ ખુશીયોમાં પલટાઈ ગયો.. નયન પંચોલી અને બિહારી હેમુ ગઢવી બંને કલાકારોને આજે ગુજરાત સરકાર 'ગૌરવ પુરસ્કાર'થી સન્માનવાની છે.

સુરેશ દલાલની રચના 'આભમાં જોઉને એટલાં વાદળ, એટલો હું પાગલ..' સુંદર ગીતની સંગતની સફરનું આ ગીત આખાય કાર્યક્રમનું શ્રેષ્ઠ ગીત બની રહ્યું. હસમુખ બારો નામનો નવો કલાકાર જ્યારે એમ કહે કે મારાં ગુરુ રાસબિહારી દેસાઈ છે. ત્યારે આ રજૂઆત એની ગુરુક્ષિણાં જ સમજવી જોઈએ. સુંદર આલાપ સાથે ઉપાડેલી હરિન્દ્ર દવેની રચના 'એક રજકણ સૂરજ થવાને શમણે ઉગમણે જઈ ઉડે પલકમાં ઢળી પડે આથમણે' પ્રજ્ઞાચક્ષુ છાયા માંકડે રજૂ કરી દાદ મેળવી લીધી.



સૈફ પાલનપુરીની 'શાંત ઝરૂખે વાટ નીરખતી રૂપની રાણી જોઈ હતી...' મરીઝની રચના 'ડીવનભરનાં તોફાન ઢાળી રહ્યો છું, સતત એનાં મોઘમ ઈશારે ઈશારે' ભાગ્યેશ જ્હાની રચના 'મેં તો ઝેરનો કટોરો સહેજ પીધોને અંગમાં અંગમાં મીરાં ફૂટી..' હજુ રસભર રાતનો બાકી રહી ગઈ નાની નાની સાજણાં. એક એક રચના ઉતરતી ગઈ અને શ્રોતાઓ રસતરબોળ થતાં રહ્યા.

'હું તો ગઈતી મેળે, મન મળી ગયું એની મેળે મેળામાં..' છેલાજી રે મારે હારું પાટણથી..., રાજેન્દ્ર શુક્લની રચના 'મનને સમજાવો નહીં કે મન સમજતું હોય છે...', 'તારે રે દરબારે મેઘા રાણા બોલ્યા રે.. વિણાના તાર..', 'હે જી એનાં કોરાં રે અષાઢ, શ્રાવણ કોરાં હોજી..' ભગવતી શર્માની ગુજરાતી હિંદી, ઉર્દુ છાંટ વાળી અને રદીફ- કાફીયાનાં મર્મ અર્થવાળી 'ચાંદસી લીપટી હુઈસી રાત હૈ પર તું નહીં..', 'આ વાયરાનાં તોફાને આવેલાં વરસાદે ઉંમરની મર્યાદા તોડી..', 'કોયલ ઉડી રે ગઈ, પગલાં પડી રે રહ્યાં', અને છેલ્લે રાગ ભૈરવીમાં 'આવ્યો છે જમાનો ફુલોનો, આવી છે જવાની ફૂલોની..' દરેક રજૂઆત અને કાર્યક્રમનો ઉપસંહાર એટલે તદન નવાં કલાકારોએ ક્યાંક કોઈપણ કલાકારની લેશમાત્ર ઉણપ વર્તાવાં ના દીધી.

શિવરંજનીનાં દશાબ્દી કાર્યક્રમનાં પ્રથમ દિવસે જ નવાં કંઠ અને ચહેરાઓનો આમંત્રણ પત્રિકામાં ઉલ્લેખની બીક હતી, પણ 'ઉઘડતાં અવાજનું આકાશ'માં ગાંધીનગર કલાવૃંદ અને નવા કંઠ નવા ચહેરાઓ સાથેના કલાકારોની મહેફીલે ગુજરાતી ગીત-સંગીતનાં વારસાને બચાવવાની ચિંતામાં અરધાં થતાં ચિંતકોને નિશ્ચિંત બનાવી દીધા છે. ટીમ શિવરંજની આ નવાં જોખમ માટે અભિનંદનને પાત્ર છે. નવપલ્લવિત દશાબ્દિ વર્ષની સ્મરણિકાનું પણ આ ક્ષણે વિમોચન થયેલું અને એમની સંગીતની સંઘર્ષ યાત્રા કઠીન તપશ્ચર્યાનો અહેસાસ કરાવે છે.